ટૅક્સ સંબંધી સવાલો તમારા ને જવાબ નિષ્ણાતના

મેટ્રો જંકશનના કટારલેખક શ્રી હર્ષિત કઢી (સી. એ.)ને વાચકો જીએસટી સહિતના કોઈ પણ ટૅક્સ અંગેના પ્રશ્નો પૂછી શકે છે, જેનો ઉત્તર તેઓ મેટ્રો જંકશનમાં પ્રસિદ્ધ થતી કટારમાં જ આપશે. તમારા પ્રશ્નો નીચેના ઈ-મેલ પર મોકલવાના રહેશે.

gstquery@bombaysamachar.com

બિઝનેસ બિટ્સ

આઈટીસીનો નફો ₹ ૨૯૩૩ કરોડ, ડિવિડંડ શેરદીઠ ₹ ૫.૧૫

મુંબઇઃ આઇટીસીનો ચોથા ક્વાર્ટરનો નફો રૂ. ૨૯૩૩ કરોડ નોંધાયો છે. આ એફએમસીજી મેજર કંપનીએ ૩૧ માર્ચે પૂરા થયેલા ત્રિમાસિક સમયગાળામાં ૯.૮૬ ટકાના વધારા સાથે રૂ. ૨૯૩૨.૭૧ કરોડનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો નોંધાવ્યો છે. વર્ષ અગુ સમાનગાળામાં કંપનીએ રૂ. ૨,૬૬૯.૪૭ કરોડનો નફો નોંધાવ્યો હતો. કંપનીએ જણાવ્યું છે કે જીએસટી પછી કરવેરા પદ્ધતિ બદલાઇ હોવાથી પાછલા સમયગાળા સાથે કુલ આવક તુલનાપાત્ર ન ગણી શકાય. કંપનીના બૉર્ડે તેના સીઇઓ અને હોલટાઇમ ડાઇરેક્ટર સંજીવ પુરીના હોદ્દામાં ફેરફાર કરીને તેમને મેનેજિંગ ડિરેક્ટરનો હોદ્દો આપ્યો છે. એ જ સાથે બૉર્ડે શેરદીઠ રૂ. ૫.૧૫ના ડિવિડંડની ભલામણ કરી છે.

સોની ઈન્ડિયાની સારી એકેડેમી સાથે યુતિ

મુંબઇઃ સોની ઇન્ડિયાએ સારી એકેડેમી ઓફ પ્રોફેશનલ ફોટોગ્રાફી એન્ડ ડિજિટલ ફોટોગ્રાફી સાથે સહયોગ સાધ્યો છે. સોનીના એમડી કેનીચીરો હીબીએ કહ્યું હતું કે આ દેશમાં આ કંપનીએ ફોટોગ્રાફીનું કલ્ચર વિકસાવ્યું છે. કંપનીએ ૧૪ મહિનાનો સિનેમેટોગ્રાફી અને ફિલ્મ મેકિંગ કોર્સ શરૂ કર્યો છે. અન્ય સહયોગીમાં સોની એપ્સન, ઝઇશ, બ્રોનકલર, મેઇનફોટો, કિંગસ્ટન ટેકનોલોજી, સ્પાઇડર -ફાઇવ, મઝદા ઇમેર્જિંગ વગેરેનો સમાવેશ છે.

ઈન્ફોસિસનું ઈન્ડિયા ટ્રેડ કનેક્ટ

મુંબઇઃ ઈન્ફોસિસ લિમિટેડે બીએસઇને અખબારી યાદી દ્વારા જણાવ્યું છે કે કંપનીની સંપૂર્ણ માલિકીની સબસિડિયરી કંપનીએ ઇન્ફોસિસ ફિનેકલે સફળતાપૂર્વક ઈન્ડિયા ટ્રેડ કનેક્ટની સ્થાપના કરી છે. ભારત ટ્રેડ કનેક્ટ એ, એક્સિસ બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, ઈન્ડસઈન્ડ બેન્ક, કોટક મહિન્દ્ર બેન્ક, આરબીએલ બેન્ક, સાઉથ ઈન્ડિયન બેન્ક અને યસ બેન્ક સાથે ભાગીદારીમાં એક બ્લોકચેન આધારિત ટ્રેડ નેટવર્ક છે.

હિન્દાલ્કોનો નફો પચીસ ટકા ઘટ્યો

મુંબઇઃ આદિત્ય બિરલા ગ્રુપની કંપની હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝે ૩૧મી માર્ચે પુરા થયેલા ત્રિમાસિક સમયગાળામાં ૨૪.૯૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૭૬.૯૭ કરોડનો સ્ટેન્ડઅલોન નેટ પ્રોફિટ નોંધાવ્યું છે. પાછલા વર્ષના સમાનગાળામાં આ એલ્યુમિનિયમ અને કોપર ઉત્પાદક કંપનીએ રૂ. ૫૦૨.૫૨ કરોડનો નફો નોંધાવ્યો હતો. કંપનીની કુલ સ્ટેન્ડઅલોન આવક રૂ. ૧૧,૯૬૯.૬૬ કરોડ સામે ઘટીને રૂ. ૧૧,૮૮૬.૦૨ કરોડ નોંધાઇ હતી.

એક્સિસ બૅન્કમાં એજીએમ માટે બુક બંધ

મુંબઇઃ બીએસઇને પાઠવેલી રેગ્યુલેટરી નોટ અનુસાર એક્સિસ બેન્ક લિમિટેડની ૨૦ જૂન, ૨૦૧૮ના રોજ યોજાનારી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) માટે બીજી જૂન, ૨૦૧૮થી ૨૦ જૂન, ૨૦૧૮ (બંને દિવસ સહિત) સુધી કંપનીની રજિસ્ટર ઓફ મેમ્બર્સ એન્ડ શેર ટ્રાન્સફર બુક્સ બંધ રહેશે.

નેશનલ ફર્ટિલાઈઝર્સના ક્રેડિટ રેટિંગ

મુંબઇઃ નેશનલ ફર્ટિલાઈઝર્સ લિમિટેડે જણાવ્યું છે કે ક્રેડિટ રેટિંગ એજન્સી ઈકરાએ કંપનીને આ પ્રમાણેના રેટિંગ્સ આપ્યા છેઃ- લાંબા ગાળા માટે એજન્સીએ રૂ. ૫,૦૦૦ કરોડની એડહોક સીસી સહિત સીસી, રૂ. ૧૯૨.૫૦ કરોડની ટર્મ લોન (એએફસીપી) અને રૂ. ૧૭૦.૧૦ કરોડની ઈસીબી માટે ઈકરા એએ સ્ટેબલ. જ્યારે ટૂંકા ગાળા માટે રૂ. ૩,૦૦૦ કરોડના એલસી/બીજી અને રૂ. ૨૧૫.૪૦ કરોડના અનાલોકેટેડ માટે ઈકરા એ વન પ્લસ તેમ જ ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં રૂ. ૫,૦૦૦ કરોડના કમર્શિયલ પેપર માટે ઈકરા એ વન પ્લસ રેટિંગ આપ્યું છે. ■

બુલિયન વૉચ સોનું ₹ ૪૮૫ તૂટીને ₹ ૩૧,૦૦૦ની અંદર, ચાંદી ₹ ૪૨૦ ગગડી

‣ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતાઈ છતાં વેચાણો કપાતા વૈશ્વિક સોનામાં પ્રત્યાઘાતી સુધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બુલિયન માર્કેટમાં ગઈકાલે સોનાના ભાવ આ વર્ષની સૌથી નીચી ઔંસદીઠ ૧૨૮૮.૩૧ ડૉલરની સપાટી સુધી ગગડી ગયા બાદ આજે પ્રત્યાઘાતી સુધારો આવ્યો હોવાના અહેવાલ હતા. જોકે, વૈશ્વિક બજારના ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતાં સ્થાનિક ઝવેરી બજારમાં આજે બન્ને કીમતી ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ રહેતાં ભાવમાં ગાબડાં પડ્યાં હતા. વધુમાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૨૭ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાને કારણે પણ ભાવઘટાડાને ટેકો મળ્યો હતો. આજે સત્રના અંતે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૫નો ઘટાડો આવ્યો હતો, જેમાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧,૦૦૦ની સપાટી ગુમાવી હતી અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૨૦નો ઘટાડો આગળ વધ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગઈકાલે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ ૧.૭ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૧૩૦૦ ડૉલરની સપાટીથી નીચે ઊતરીને આ વર્ષની સૌથી નીચી ૧૨૮૮.૩૧ ડૉલરની સપાટીએ રહ્યા હતા. જોકે, આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવા છતાં લંડન ખાતે સોનામાં વેચાણો કપાતા હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ આગલા બંધથી ૦.૩ ટકા વધીને ૧૨૯૪.૩૦ ડૉલર આસપાસ અને સોનાનો જૂન ડિલિવરી વાયદો આગલા બંધથી ૦.૩ ટકા વધીને ૧૩૯૩.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. વધુમાં ગઈકાલે ચાંદીના ભાવમાં પણ ૨૩ એપ્રિલ પછીનો સૌથી મોટો ૧.૬ ટકાનો કડાકો બોલાઈ ગયા બાદ આજે ઘટ્યા મથાળેથી ૦.૪ ટકાના સુધારા સાથે ૧૬.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

દરમિયાન સ્થાનિક સોનાચાંદી બજારમાં આજે ઓવરનાઈટ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતાં ખાસ કરીને સોનામાં સ્ટોકિસ્ટોની અને રોકાણકારોની આક્રમક વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. વધુમાં આજે જ્વેલરી ઉત્પાદકો, સ્થાનિક ડીલરો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેવા ઉપરાંત ડૉલર સામે રૂપિયામાં ૨૭ પૈસાનું બાઉન્સબૅક આવતાં સોનાની આયાત પડતર ઘટતાં હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૫નો ઘટાડો આવ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧,૦૦૦ની સપાટીની અંદર ઊતરીને રૂ. ૩૦,૯૩૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૧,૦૮૫ના મથાળે રહ્યા હતા. આજે .૯૯૯ ટચ ચાંદીમાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૪૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૯,૩૮૫ના મથાળે બંધ રહ્યા હતા. ■

શેરબજાર નિફ્ટીએ ૧૦,૭૫૦ની નીચે, સેન્સેક્સમાં ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ કર્ણાટકની ચૂંટણીના પરિણામ જાહેર થયાં પછી રાજકીય ચિત્ર અસપ્ષ્ટ બન્યું છે અને તેને કારણે શેરબજારની આગામી ચાલ પણ અનિશ્ચિત બની ગઇ છે. આ ઓછું હોય એ રીતે નોર્થ કોરિયાએ ફરી અમેરિકા સામે શિંગડુ ભરાવવાનું શરૂ કર્યું હોવાના અહેવાલોએ બજારમાં સાવચેતીનો માહોલ સર્જાયો છે. સરવાળે કર્ણાટક અને કોરિયાએ રોકાણકારોની લગામ તાણી રાખી હોવાથી નિફ્ટીએ ૧૦,૭૫૦ની સપાટી તોડી નાંખી છે અને સેન્સેક્સમાં ૧૫૬ પોઇન્ટનું ગાબડું નોંધાયું છે. બેન્ક નિફ્ટી પણ તૂટ્યો હતો.

બીએસઇનો સંવેદનશીલ શેરઆંક સેન્સેક્સ ૩૫,૫૪૩.૯૪ પોઇન્ટના પાછલા બંધ સામે ૩૫,૪૫૨.૩૫ પોઇન્ટની સપાટીએ ખૂલીને સત્ર દરમિયાન ૩૫,૫૪૩.૮૯ પોઇન્ટની ઊંચી અને ૩૫,૨૪૧.૬૩ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ અંતે ૧૫૬.૦૬ પોઈન્ટ અથવા તો ૦.૪૪ ટકાના ઘટાડા સાથે ૩૫,૩૮૭.૮૮ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

એ જ રીતે, એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૧૦,૮૦૧.૮૫ પોઇન્ટના પાછલા બંધ સામે ૧૦,૭૫૧.૯૫ પોઇન્ટની સપાટીએ ખૂલીને સત્ર દરમિયાન ૧૦,૭૯૦.૪૫ પોઇન્ટની ઊંચી અને ૧૦,૬૯૯.૭૦ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ અંતે ૬૦.૭૫ પોઈન્ટ અથવા ૦.૫૬ ટકાના ઘટાડા સાથે ૧૦,૭૪૧.૧૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

શેરદલાલોએ જણાવ્યું હતું કે, સેન્સેક્સ પહેલેથી જ સાવચેતીના માનસ વચ્ચે નીચા મથાળે ખૂલ્યો હતો, જેડીએસ સાથે યુતિ સાધીને કોંગ્રેસ સરકાર બનાવશે એવી અટકળોને કારણે પહેલેથી જ માનસ ડહોળાયેલું હતું અને તેમાં કુમારસ્વામીએ ભાજપ પર રૂ. ૧૦૦ કરોડની ઓફરનો આરોપ લગાવ્યો હોવાથી સેન્ટિમેન્ટ વધુ ખરડાયું હતું.

વૈશ્વિક સ્તરે નોર્થ કોરિયાએ અનપેક્ષિત રીતે સિઓલ સાથેની તમામ ઉચ્ચ સ્તરીય વાટાઘાટોની બેઠકો રદ્દ જાહેર કરીને અમેરિકા સાથેની બહુઅપેક્ષિત શિખરમંત્રણા પણ રદ્દ કરવાની ચીમકી આપી હોવાથી ફરી ભૂ-રાજકીય ખતરો ઉભો થતાં એશિયાના મોટાભાગના શેરબજારોમાં પીછેહઠ જોવા મળી હતી.

જાહેર ક્ષેત્રની પંજાબ નેશનલ બૅન્કે રૂ. ૧૩,૦૦૦ કરોડથી મોટી કોટ જાહેર કરી હોવાથી બેન્કિંગ ક્ષેત્રના શેરોમાં મોટી વેચવાલી જોવા મળી હતી. સેન્સેક્સના શેરોમાં આઇસીઆઇસીઆઇ બેન્ક ૩.૨૮ ટકાના જોરદાર કડાકા સાથે ટોપ લૂઝર રહ્યો હતો અને ત્યારબાદ ૨.૩૪ ટકાના કડાકા સાથે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ બીજા ક્રમે રહ્યો હતો.

પંજાબ નેશનલ બેન્કના શેરમાં ૧૨.૧૫ ટકાનો જોરદાર કડાકો હતો. આ ઉપરાંત અન્ય લૂઝર શેરોમાં સ્ટેટ બેન્ક, હીરો મોટોકોર્પ, અદાણી પોર્ટ, એચડીએફસી, ભારતી એરટેલ, ઓએનજીસી, લાર્સન, એચડીએફસી બેન્ક, બજાજ ઓટો અને એક્સિસ બેન્કનો સમાવેશ હતો.

હિંદુસ્તાન યુનિલીવર ૩.૮૪ ટકાના જોરદાર ઉછાળા સાથે ટોપ ગેઇનર બન્યો હતો અને એ પછીના ક્રમે ૧.૪૭ ટકાના ઉછાળા સાથે આઇટીસી રહ્યો હતો. અન્ય ગેઇનરમાં વિપ્રો, યસ બેન્ક, એશિયન પેઇન્ટ્સ અને સન ફાર્મા રહ્યાં હતાં.

એક્સચેન્જીસ પાસેથી ઉપલબ્ધ કામચલાઉ આંકડાકીય માહિતી અનુસાર પાછલા સત્રમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૫૩૧.૩૩ કરોડના શેરની ખરીદી કરી હતી. જ્યારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૫૧૮.૪૭ કરોડના શેર વેચ્યા હતા. કર્ણાટકની ચૂંટણીના પરિણામની અસર એફઆઇઆઇના વલણ પર પણ પડશે.

અગાઉ જણાવ્યા અનુસાર રાજકીય પરિબળ ઉપરાંત મેક્રો ઇકોનોમિક ડેટા પણ નકારાત્મક રહ્યાં છે.

સોમવારે જાહેર થયેલા ડેટા બજાર માટે નિરાશાજનક રહ્યાં હતાં. જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવો એપ્રિલમાં ૩.૧૮ ટકાની ચાર મહિના ઊંચી સપાટીએ પહોંચ્યો હોવાથી તેમ જ કારખાનાનું ઉત્પાદન ૪.૪ ટકાના પાંચ મહિનાના તળિયે પહોંચ્યું હોવાથી સેન્ટિમેન્ટ ખરડાયું હતું. રિટેલ ઇન્ફલેશન પણ વધ્યું છે અને ટ્રેડ ડેફિસિટમાં પણ ચિંતાજનક વધારો થયો છે.

વાસ્તવમાં કર્ણાટકની ચૂંટણીના પરિણામે માર્કેટને ટેન્શનમાં મૂકી દીધું છે. માર્કેટને એક સ્પષ્ટ બહુમતિની અપેક્ષા હતી અને તેને સ્થાને એવી અનિશ્ચિત પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે જેને કારણે સરકાર ક્યા પક્ષની રચાશે તેનો અંતિમ ફેંસલો ન આવે ત્યાં સુધુ બજારમાં અજંપો રહેશે. ભાજપને સ્પષ્ટ બહુમતિ ન મળી હોવાથી નવા સમીકરણો રચાવાની ચર્ચા છે. અહેવાલો અનુસાર કોંગ્રેસે જનતા દળ (સેક્યુલર) સાથે યુતિ કરીને એચ ડી કુમારસ્વામીને કર્ણાટકના ચીફ મિનિસ્ટર બનાવવાની ઓફર મૂકી છે. ■

વિશા લાડ વણિક મરણ

શ્રી અશ્વિનભાઈ દલાલ
(ઉ.વ ૮૩)
સ્વ. નીલમબેન અને
સ્વ. ઝવેરીલાલ દલાલના સુપુત્ર
સોમવાર, તા. ૧૪.૦૫.૨૦૧૮
ના રોજ શ્રીજીચરણ પામેલ છે.
શોકાતુર :
પત્ની : કિશોરીબેન
બહેન- ભાઈ :
પન્નાબેન નવીનચંદ્ર ડોકટર,
ગં.સ્વ.રેણુકાબેન લલિતભાઈ શાહ
સ્વ. અનિલભાઈ
પુત્રી-જમાઈ : નીમ્મી વિનયભાઈ
ઊર્મિ યશેષભાઈ
પુત્ર-પુત્રવધુ : મલય-નંદિતા
સાસુ-સસરા : સ્વ. નિર્મળાબેન -
સ્વ. ઈચ્છાલાલ નાળાવાલા
પૌત્ર-પૌત્રી :
માનસી, અલિશા, રીયા, માનવ
લૌકીક વ્યવહાર બંધ છે.
સંપર્ક : ૨૬૪૨ ૦૭૮૧

ડૉલર સામે રૂપિયો ગબડતો અટક્યોઃ ૨૭ પૈસા મજબૂત

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવા છતાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આજે જાહેર ક્ષેત્રની બૅન્કોને ડૉલર વેચવાનો આદેશ આપ્યો હોવાના બ્લૂમબર્ગ દ્વારા અહેવાલો વચ્ચે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગબડતો અટક્યો હતો અને સત્રના અંતે ૨૭ પૈસાના સુધારા સાથે ૧૫ મહિનાના તળિયેથી પાછો ફર્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૬૮.૦૭ના બંધ સામે વધુ નરમાઈ સાથે ૬૮.૧૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૬૮.૧૫ અને ઉપરમાં ૬૭.૭૫ સુધી ક્વૉટ થયા બાદ સત્રના અંતે આગલા બંધથી ૦.૪૬ ટકા અથવા તો ૨૭ પૈસાના સુધારા સાથે ૬૭.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો. વધુમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહેતાં ૧૦ વર્ષીય બૉન્ડની ઊપજ જે ગઈકાલે ૭.૯૦૫ ટકાની સપાટીએ હતી તે ઘટીને ૭.૯૦૧ ટકાના સ્તરે રહી હોવાના અહેવાલ હતા. ગઈકાલે કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીને સ્પષ્ટ બહુમતી ન મળવાથી ડૉલર સામે રૂપિયો ૬૮ની સપાટી કુદાવી ગયો હતો. વધુમાં ગત એપ્રિલ મહિનાની વેપારી ખાધ જે માર્ચ મહિનામાં ૧૩.૬૯ અબજ ડૉલર અને એપ્રિલ ૨૦૧૭નાં ૧૩.૨૫ અબજ ડૉલર સામે વધીને ૧૩.૭૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. આ વર્ષમાં અત્યાર સુધીમાં ડૉલર સામે રૂપિયામાં ૫.૪ ટકાનું ધોવાણ થઈ ગયું છે. તેમ જ અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારોએ ઈક્વિટીમાં ૭૯.૩૬ કરોડ ડૉલરના મૂલ્યની ખરીદી કરી છે, જ્યારે ૩.૨૬ અબજ ડૉલરનું ડેબ્ટમાં વેચાણ કર્યું છે. ■

ખાંડમાં પાંખાં કામકાજે અથડાતા ભાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સતત બીજા સત્રમાં ટેન્ડરોના ભાવમાં સુસ્ત અન્ડરટોને ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ રહેતાં ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર હાલ મથકો પર પણ દેશાવરોની લેવાલી નિરસ રહે છે, જોકે છૂટાછવાયા નિકાસ વેપારો થઈ રહ્યા છે.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૬થી ૨૭ ટ્રકની આવક સામે રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહી હતી. તેમ જ ભાવમાં સતત ઘટાડો આવી રહ્યો હોવાને કારણે સ્ટોકિસ્ટો નવી લેવાલીથી દૂર રહેતા આજે ઉપાડ પણ અંદાજે ૨૬થી ૨૭ ટ્રકનો જળવાઈ રહ્યો હતો અને મિલો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૬૦૫થી ૨૬૫૦માં અને મિડિયમ ગ્રેડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૭૦૦થી ૨૭૬૫માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. ■

પ્રાર્થનાસભા

શ્રીમતી દિનાબેન હર્ષદરાય ચોટાઈ (ઉં.વ.: ૭૩)
શ્રીજી ચરણ: ૧૫/૫/૨૦૧૮, મંગળવાર
શોકાતુર પરિવાર
પતિઃ હર્ષદરાય મુગટભાઈ ચોટાઈ
પુત્રોઃ અતુલભાઈ, મનિષભાઈ, અલ્પેશભાઈ
પુત્રવધુઃ ભાવનાબેન, માલતીબેન, સોનલબેન
પૌત્રઃ યશ, પાર્થ, જશ, પૌત્રીઃ સ્નેહા, પિયા
સ્વ. મુગટલાલ દામોદર ચોટાઈ પરિવાર
સ્વ. જીણાભાઈ દેવરાજભાઈ કોટક તથા સમગ્ર કોટક પરિવાર
અજયભાઈ ગુલાબચંદ પંચમીયા (શાહ) પરિવાર
પ્રાર્થનાસભા: તા: ૧૭/૫/૧૮, ગુરૂવાર
સમય: સાંજે ૫ થી ૭, સ્થળ: શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ,
મથુરાદાસ એક્સટેંશન રોડ, ગ્રાઉન્ડ ફ્લોર, કાંદિવલી (વેસ્ટ)
જેમીની ઈન્ટરનેશનલ પ્રા.લી. ☐ ગાયત્રી ઈન્ટરનેશનલ

સોયાતેલ, કનોલા અને સનફ્લાવરની જકાત વધવાની શક્યતા

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૩ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટિવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૧ રિંગિટ ઘટી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી તેલમાં નરમાઈનું વલણ રહ્યું હતું. આજે ૧૦ કિલોદીઠ ક્રૂડ પામતેલના ભાવમાં રૂ. પાંચનો, આરબીડી પામોલિનમાં રૂ. ૪નો અને સોયા ડિગમમાં રૂ. બેનો ઘટાડો આવ્યો હતો. ખાદ્યતેલના વિવિધ સંગઠનોએ કરેલી રજૂઆતોને ધ્યાનમાં લેતાં સરકાર એકાદ સપ્તાહમાં સોયાતેલ, સનફ્લાવર અને કનોલા તેલની આયાત જકાતમાં વધારો કરશે, એવી આજે બજારમાં વ્યાપક ચર્ચા થઈ રહી હતી. વધુમાં આગેમી પહેલી જૂનથી મલયેશિયા પામતેલ પરનો જીએસટી દર જે હાલ શૂન્ય ટકાના સ્તરે છે તે વધારીને છ ટકાની સપાટીએ રાખશે. સ્થાનિકમાં આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૭૧૯થી ૭૨૧, ક્રૂડ પામોલિનના રૂ. ૬૪૮, સોયા રિફાઈન્ડના રૂ. ૭૫૨, સોયા ડિગમના રૂ. ૭૧૦, સન રિફાઈન્ડના રૂ. ૭૭૦, સન ક્રૂડના રૂ. ૭૦૦, સિંગતેલના રૂ. ૮૪૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૭૬૨ અને સરસવના રૂ. ૭૭૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

સ્થાનિકમાં ગઈકાલે ડાયરેક્ટ ડિલિવરી શરતે અંદાજે ૨૫૦૦ ટનના વેપાર થઈ ગયા બાદ આજે વેપારો શાંત હતા. તેમ છતાં આજે લિબર્ટીના આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૭૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૭૯૦, રૂચીના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના રૂ. ૭૬૫ અને અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૭૫૦ તથા સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના ભાવ રૂ. ૭૭૫ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. આજે ગુજરાતમાં ગોંડલ મથકે અંદાજે ૧૦,૦૦૦ ગૂણી મગફળીની આવક હતી. ■

હાલાઈ લોહાણા
પ્રાર્થના સભા

જન્મ
૨૦.૦૮.૧૯૫૫



શ્રીજી ચરણ
૧૩.૦૫.૨૦૧૮

મુકેશ મણીલાલ ઠક્કર (ઉ.વ.૬૨)
કરાંચીવાળા હાલ નવી મુંબઈ
મળે છે દેહ માટીમાં, માનવીનું નામ સદાય જીવે છે
મૃત્યુ પામે છે માનવી, પણ તેના સત્કર્મો સદાય જીવે છે
એક નિખાલસ, સરળ, સાલસ સ્વજનની વિદાયને અમારા નતમસ્તક વંદન.
પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એજ અભ્યર્થના.
::: શોકાતુર :::
ધર્મપત્નીઃ વર્ષા મુકેશ ઠક્કર
માતા-પિતાઃ શ્રીમતી મંજુલાબેન, સ્વ. મણીલાલ પ્રાગજી ઠક્કર
પુત્ર - પુત્રવધુ : ભાવીક, પૃથા **પુત્રી-જમાઈઃ** બેલા-અમીત કાથરાણી
પૌત્રી : મીઠડી **દૌહીત્રી :** પ્રીશા, નાઈસા
સાસુ-સસરા : શ્રીમતી શારદાબેન, સ્વ. નટવરલાલભાઈ કોટક - પુના
ભાઈ-ભાભીઃ પ્રવીણ (દીપક)-તરલા, ભરત-પ્રફુલા
બહેનોઃ જ્યોતી પ્રવીણ પોપટ, લતા કીરીટ કોટેચા
ભત્રીજા-ભત્રીજા વહુઃ જુગલ - જાન્હવી, કુશલ, ધવલ - સ્તુતી
ડૉ. શ્રુતિ - ડૉ. દીલીપ ગઢીયા
તેમજ સર્વે ઠક્કર અને કોટક પરિવાર અને સ્નેહીજનો
પ્રાર્થના સભાઃ ગુરૂવાર તા.૧૭.૦૫.૨૦૧૮ના
સમયઃ સાંજે ૫:૦૦ થી ૭:૦૦
સ્થળઃ લવંડર બાગ, ૧લે માળે, ૯૦ ફીટ રોડ,
ગારોડીયા નગર, ઘાટકોપર (ઈસ્ટ) મુંબઇ - ૭૭

ફર્નિચર ફિટિંગ્સમાં માગને ટેકે હાર્ડવેરમાં મક્કમ વલણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હાર્ડવેર બજારમાં હાર્ડવેરના માલોની આવક સારી છે. ટકેલા ભાવે બજાર સ્થિર છે. ફર્નિચર ફિટિંગ્સના કામકાજ સારા થઇ રહ્યા છે. વિગતવાર અહેવાલ આ પ્રમાણે છેઃ ‘મેગ્નમ’ બ્રાન્ડના ડોરકલોઝર ત્રણ વર્ષની વોરંટીવાળા રૂ. ૧૫૦૦થી ૨૫૦૦માં કામકાજ થઈ રહ્યા છે અને ‘મેગ્નમ’ બ્રાન્ડના ઈટાલિયન હેન્ડલ અને લીવર હેન્ડલની નવી શ્રેણીના રૂ. ૧૨૦૦થી રૂ. ૧૫૦૦માં જોડીના (૫૨ સેટ) કામકાજ થઈ રહ્યા છે.‘ઈપ્સા’ બ્રાન્ડના બ્રાસ ફોર્જેડ મોર ટાઇમ માલોના હેન્ડલ, ડોર કલોઝર તેમજ ટેલિસ્કોપિક ચેનલ વિગેરે માલોના કામકાજ સારા થઈ રહ્યા છે.સુઝુ બ્રાન્ડના સ્ટેનલેસ સ્ટીલના દોઢ ઇંચના સ્ક્રૂના રૂ. ૧૨૯ના ભાવે કામકાજ થઈ રહ્યા છે.‘સી-૨’ બ્રાન્ડના ફર્નિચર તથા કિચન હેન્ડલ ડોર કલોઝર, ફલોર સ્પ્રીંગ, પેચ ફિટિંગ, ડ્રોવર લોક, કનસિલ્ડ મિજાગરા, નાઇટ લેચના સારી ક્વૉલિટીના માલોના કામકાજ થઈ રહ્યા છે.‘સી. પી. વાય.’ બ્રાન્ડના ગ્લાસ ફિટિંગ, ડેકોરેટિવ હેન્ડલ, ફિટિંગ લોક, એલ્યુમિનિયમ જાળી, ડોર કલોઝર વિગેરે માલોના કામકાજ સારા થઈ રહ્યા છે. ■

મેટ્રો જંકશન
સ્માર્ટ બિઝનેસ
૨૦૫૦ સુધીમાં એસીની માગ ત્રણ ગણી વધશે
વાંચો આજના અંકમાં
આરકૉમને ઝટકોઃ બેન્કરપ્સીની કાર્યવાહી માટે મંજૂરી
ઈન્વેસ્ટરોને ચીનના ઓબીઆર કરતા ભારત વધુ પસંદ
જાહેર ક્ષેત્રની ૨૦ બૅન્કોની સંયુક્ત એનપીએ માર્ચ ક્વાર્ટરમાં ૮.૩૨ ટકા વધી
આગામી બે વર્ષ સુધી મૂડી ખર્ચમાં સુધારો થવાની કોઈ શક્યતા નથી
ચૂંટણી પરિણામ - રૂપિયાની મુવમેન્ટને લીધે મે એક્સપાઈરીમાં વૉલેટિલિટી વધી

નવું આર્થિક અખબાર ‘મેટ્રો જંકશન’ મુંબઈ સમાચાર જૂથનું જ છે. જોકે, આ અખબાર ‘મુંબઈ સમાચાર’થી અલગ રૂ. ૪ની કિંમતે અપાશે. આ અખબાર મગાવવા માટે વાચકોએ ફેરિયાને જાણ કરવાની રહેશે. ‘મેટ્રો જંકશન’ મેળવવામાં વાચકોને જો કોઈ મુશ્કેલી પડે તો તેઓ ૨૨૦૪૫૫૩૧-૩૨-૩૩ (એક્સ્ટેન્શન-૩૫) પર સંપર્ક સાધી શકે છે.
-વ્યવસ્થાપક

આવતી કાલે વાંચો ‘સીધું ને સટ’ જયેશ ચિતલિયાની કલમે